THUS WROTE....

શ્રી ગોર આશ્રમ
ખરેડા - 363 641
તા.જિ. મોરબી
(ગુજરાત) INDIA

મીરદાદ, અમે આપનો ઉપદેશ સાંભળીને કૃતકૃત્ય થયા છીએ. આપ હવે અમને વિશ્વયુદ્ધ રૂપી મહાઆપદા કે જે સમગ્ર વિશ્વમાં હાલ પ્રસરી રહી છે, એ વિશે કાંઈક કહો!!!

આવી વિનંતી સાંભળીને મીરદાદ ધીરગંભીર સ્વરે આ પ્રમાણે કહેવા લાગ્યા :

હે સુજ્ઞ શ્રોતાઓ! આ મહાઆપદાનું કોઈ એક નામ નથી, પણ એના હજારો નામ છે અને આ મહાઆપદાનું કોઈ એક રૂપ નથી, પણ એના હજારો રૂપ છે. આ મહાઆપદા આજે છે અને ગઈકાલે નહોતી એવું નથી, અને આવતીકાલે નહીં હોય એવું પણ નથી.

તે અજન્મા છે, અજેય છે અને સનાતન છે.

આપ જેને વિશ્વયુદ્ધ નામ આપો છો, તે આપણા થકી જન્મ્યો છે, આપણા થકી વિસ્તર્યો છે, અને અંતે આપણામાં જ સમાઈ જવાનો છે.

જો વિશ્વયુદ્ધ તમને ''યમ'' જેવું લાગતું હોય તો ''સંયમ'' એનો ઉપચાર છે. જેટલી વાર તમે મુખ સાફ કરો છો, તેટલીવાર તમારા ''દિલ''ને પણ સાફ કરતાં રહેશો તો આપને જરૂર જણાશે કે આપણી અંદર રહેલાં ''અહંકાર''રૂપી અસુરને હણવા માટે ''વિશ્વયુદ્ધ''નો આવિર્ભાવ થયો છે. અહંકાર જશે – એટલે વિશ્વયુદ્ધરૂપી મહાઆપદા પણ જતી રહેશે.

આટલું બોલી મીરદાદ મૌન થઈ ગયા!!!

જગત આપણી બહાર છે એમ માનવું - ભ્રમણા છે. (જગત આપણી બહાર દેખાય છે, પણ <u>છે</u> - આપણી અંદર.) આપણે આપણને દ્રષ્ટા અને જગતને દ્રશ્ય ગણીએ છીએ, એ જ આપણા સર્વ કલેશોનું મૂળ છે.

આપણે દ્રષ્ટા અને દ્રશ્યને અલગ ગણીએ છીએ, પણ સત્ય એ છે કે બંને એક જ છે. સ્વપનમાં જોનારો અને જે દેખાય છે - તે દ્રશ્ય બંને એક જ છે, અને જાગતાં દ્રષ્ટા અને દ્રશ્ય બંને અદ્રશ્ય થઈ જાય છે. એ જ રીતે આ સંસારરૂપી સ્વપનમાં દ્રષ્ટા અને દ્રશ્ય એક જ છે અને બંને મિથ્યા છે.

આપણે જો બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા હોઈએ તો દ્રષ્ટાને સાચો અને દ્રશ્યને ખોટું સિદ્ધ કરતાં રહેતાં હોઈએ છીએ, જ્યારે અંતર્મુખી વ્યક્તિત્વ દ્રષ્યને એટલે કે જગતને સાચું અને દ્રષ્ટા એટલે કે ખુદને ખોટા ગણાવ્યા કરતાં હોય છે. પણ એકને સાચું અને બીજાને ખોટું ગણવાથી જ આખુ મનોવિશ્વ ઊભું થયું છે. એ આપણને દેખાતું નથી.

જો તમે લાગણીપ્રધાન હો તો દ્રશ્ય અને દ્રષ્ટા બંનેને સાચા ગણી - ભકિત માર્ગે આગળ વધી - બધે જ પરમાત્માને અનુભવ્યા કરો.... અને જો તમે બુદ્ધિપ્રધાન હો તો દ્રશ્ય અને દ્રષ્ટા બંનેને મિથ્યા ગણી આત્મનિષ્ઠ થઈ જાવ!!!

એક - તમારામાં ''દિવ્ય પ્રેમ'' જગાડશે,

બીજું - તમને ''પરમ જ્ઞાની'' બનાવશે.

જો તમારે સાગરનાં સાચા મોતી જોતા હોય તો કિનારે બેઠાં બેઠાં ધમપછાડા (એટલે કે માની લીધેલી સાધના - ઉપાસના - આરાધના) કર્યે નહીં મળે. તમારે દરિયામાં ઊતરવું પડશે ને ઊંડે સુધી જવું પડશે.

માણસો મોટેભાગે કિનારે પડેલાં છીપલાને સાચા મોતી ગણી જિંદગી વિતાવી દે છે. એમાં પણ જો કોઈ સાચા મોતીવાળો નજરે પડી જાય તો એનું મનોરાજ્ય કડડભૂસ કરતું તૂટી જાય છે.... અમસ્તાં કંઇ જિસસને શૂળી પર નહીં લટકાવ્યાં હોય, એમને એમ થોડા કોઈ લૈલા-મજનુને પથરા મારવા નવરા છે? મન્સુરને કાંઈ લોકોએ એમ જ થોડો માર્યો છે? સોક્રેટીસને અમસ્તું જ ઝેર થોડું પાયું છે?

જેમના પાસે સાચા મોતી છે, તેમણે એમને સંતાડીને રાખવા પડે છે, તે માનવજાતની મોટામાં મોટી કરુણતા છે. મારી પાસે ન હોય તે બીજા કોઈ પાસે પણ ન હોવું જોઈએ, એવી બર્બરતામાંથી હજી આપણે બહાર નથી આવ્યા. ઝૂંટવવાથી મને ન મળે તો કાંઈ નહીં, તારા આગળ તો નહીં જ રહેવા દઉં એવી જંગલી માનસિકતા હજુ પણ આપણા સૌના દિલમાંથી જતી નથી,

એનો બોધ અને પછી વિષાદ....

આપણને ક્યારે થશે? એ અવશ્ય **''પુણ્ય-ઘડી''** હશે!!!

તમે જો આ પંક્તિ વાંચી રહ્યા હો તો એ સુનિશ્ચિત છે કે તમે બીજા બધાથી કાંઈક જુદા છો, અન્ય સૌથી અલગ છો, આખી સૃષ્ટિમાં અદ્વિતીય છો....

તકલીફ એ છે કે તમે બીજા બધા જેવા બનવા ઈચ્છો છો, આ સૌથી ગંભીર અને લાઈલાજ બીમારીમાંથી કૃપયા હવે તો છુટો.

ભગવાને તમને સૌથી અલગ બનાવ્યા છે. ભગવાને તમને અલગ અને અદ્વિતીય થવા પેદા કર્યા છે. **''तेरी अदा है सबसे जुदा !!!''** તો શા માટે બિચારા ભગવાનને નિરાશ કર્યા કરો છો? શા માટે આ જક્કી વલણ છોડતાં નથી?

તમે કહેશો : સાહસ નથી, અનુકૂળતા નથી, ઇત્યાદિ.... અચ્છા.... નાની નાની વાતોથી શરૂઆત કરો. હવે બાથરૂમમાં નહાવા જાવ ત્યારે ટબ બીજા હાથે પકડજો, હવે જમવા બેસો એટલે કાંઈક અલગ ખાજો. જિંદગીને કાંઠે નાવડી આવી પહોંચી છે, તો કાંઈક તો નવું વિચારો, કાંઈક અલગ feel તો કરી જુઓ. **કર્તવ્યના બોજાને ઘડીભર હટાવી ફરી બાળક જેવા નિર્દોષ તો થઈ જુઓ!!!**

ઊંડે ઊંડે આપણને સૌને શંકા છે કે જે રીતે આપણે આપણી **જાત** અને **જિંદગીને** જોઈએ છીએ એમાં કાંઈક પાયાની **ગરબડ** છે, પરંતુ આપણે ખૂબ ખૂબ પ્રયત્નો સતત કરતાં રહીએ છીએ કે આ બાબત આપણા ધ્યાનમાં ન આવે.

આપણા શરીર સાથે એક ટાઈમ બોમ્બ જાણે કે બાંધી દીધો હોય, જે ક્યારે ફૂટવાનો છે - એની આપણને ખબર નથી પણ એનો ટીક-ટીક અવાજ કાને પડી રહ્યો છે - એને આપણે સાંભળવા જ માંગતા નથી. આપણી આ ભાયાવહ સ્થિતિ પ્રત્યે આપણે પૂરેપૂરાં અંધ રહીએ છીએ. આપણને ઊંડે ઊંડે એમ જ લાગ્યા કરે છે કે આ - માયા, આ - મૃગજળ, આ - ભ્રમણાને નહીં પકડી રાખીએ, તો આપણા માથે આભ તૂટી પડવાનું છે.

આપણને ઊંડે ઊંડે એમ જ લાગી રહ્યું છે કે, જો સત્યનો સાક્ષાત્કાર થશે - તો આપણા બૂરા દિવસો આવ્યા સમજો. આ રીતે આપણે આપણા **''હોવાપણા''**ને નકારીએ છીએ અને જગતનનાં સર્વ આસુરી અને પાશવી તત્ત્વોને આપણી તરફ આકર્ષીએ છીએ.

બહારથી સજી-ધજીને બેઠેલા આપણે સૌ આપણા આ આંતરિક જગતથી સતત ભાગતા રહીએ છીએ. આ છે, આપણા સૌની કરમ-કહાણી!!!

એક **''પ્રેમ''** જ એવું તત્ત્વ છે, જે આપણને આમાંથી બહાર કાઢી શકે. ચાલો, આપણે સૌ **પ્રેમને આરાધીએ!!!**

"ત્યારે આપણે કરવું શું?"

બસ, આ એક જ પ્રશ્ન સૌથી અગત્યનો છે. આ પ્રશ્નને **ઘૂંટ્યા કરો.** જેમ નાનપણમાં આપણે સ્લેટમાં એકડો ઘૂંટ્યા કરતાં હતા, એમ. જુદા જુદા મૂડમાં જુદી જુદી પરિસ્થિતિમાં, જુદા જુદા સંજોગો વચ્ચે આ પ્રશ્ન ઘૂંટ્યા કરો. **ઉત્તર મેળવવાની આકાંક્ષામાંથી મુક્ત થઈ, બસ - આ પ્રશ્ન ઘૂંટ્યા કરો, કમ સે કમ આજનો દિવસ.**

જેમ જેમ તમે આ પ્રશ્નને ઘૂંટ્યા કરશો, તો અચાનક જ તમને ઝબકારો થશે કે સતત એનું એ જ હું રીપીટ કરી રહ્યો છું. જન્મોજન્મથી એનું એ જ wheel of Karma ઘુમ્યા કરે છે. એનું એ જ CIRCLE વારંવાર ફર્યા કરે છે. આ ઝબકારો, આ **બોધ** તમને ઝકઝોરશે. તમે uneasy feel કરશો. ઊંડેથી તમને પીડા જન્મશે. એ પ્રશ્નથી - એ પીડાથી છૂટવા, તમે પ્રશ્નને ભૂલવા મથશો. અનેક કામો યાદ આવશે, અનેક છટકબારીઓ તમે શોધવા લાગશો. ત્યાં જો તમે પૂરા નિષ્ઠાવાન હશો, તો એ દર્શન થશે કે આ જ તો હું જન્મોજન્મથી કરતો આવ્યો છું. યુગો યુગોથી આ જ શાહમૃગ-વૃતિને શરણે થતો રહ્યો છું. આ બોધ તમારા વિષાદને ઓર તીવ્ર બનાવશે.

બસ, આ રીતે તમે **પ્રશ્નને ઘૂંટ્યા કરો.... ઘૂંટ્યા કરો.... ઘૂંટ્યા કરો....**

''માંહી પડ્યા તે મહાસુખ પામે, દેખણહારા દાઝે જો ને,
સુત, વિત્ત, દારા, શીશ સમર્પે, તે રસ પીવા પામે જોને.''

આવું સાહસ તો બધાનું કાંઈ હોતું નથી. બધા તો કાંઈ દરિયામાં ડૂબકી મારી મોતી લઈ આવે એવા મરજીવા હોતા નથી, તો શું - એમના માટે, કોઈ ચાન્સ નથી? શું પરમાત્મા આવો દયાહીન? શું અસમર્થનું કોઈ નહીં? કહેવાય તો છે કે, **''હારે કો હરિનામ''**; તો પછી આવા પામર જીવોએ દરિયા કિનારે છીપલાંથી જ સંતોષ માનવો? ના, - ભગવાન કરુણાનિધાન છે. બધાને આવડો મોટો દાખડો કરવાની જરૂર નથી.

જરૂર છે કેવળ તમારું લક્ષ્ય બદલાય એની. મોતી ભલેને દરિયાનાં તળીયે હોય, પણ **''મરજીવા''** તો તમારી પાસે છે, તમારી સાથે છે!!! મોતીથી લક્ષ્ય હટાવી **''મરજીવા''** પર લક્ષ્ય સાધો. **''મરજીવો''** તમારો થઈ ગયો, પછી તો એ જ તમને **''મોતી''** લાવી આપશે.

આપણે તો ખાલી એટલું કહેવાનું કે **''હું અંત સુધી તમારી સાથે છું, ગમે તે થાય....** whatever may come.

હકીકતે.... મરજીવાનો મેળાપ થાય, એટલે મોતી કે છીપલા - એકેયનું કાંઈ મૂલ્ય રહેતું નથી.

આપણે તો મળ્યાં છે તો હવે ભળી જવાનું છે. કૃષ્ણ મળે પછી ગીતાની કોઈ જરૂર નથી.... ગોપીને કૃષ્ણની વાંસળીમાં જ પૂરી ગીતાનો સાર સંભળાય છે.

''જરૂર છે આવા ગોપીભાવની, અચળ પ્રેમની!!!''

ગુરુ - શિષ્ય સંબંધ સર્વથી ઊંચો છે. કારણ કે આ સંબંધ આંતરિક છે, મહત્ત્વ "**આંતરિક**" હોવાથી છે. તમે, ગમે તેની સાથે, અરે! પત્થર સાથે પણ, **આંતરિક** રીતે જોડાવ તો એ ગુરુની ગરજ સારશે; એથી ઉલટું - **જો આંતરિક જોડાણ નથી, તો ગમે તેવા મહાન ગુરુ સાથે જોડાવ - એથી કશું વળવાનું નથી.**

ગુર્જીએફનાં શિષ્ય આલ્ફ્રેડ રિચર્ડ ઓરેજ (1873-1934) અમેરિકામાં ગુર્જીએફનું Teaching આપતાં હતાં. આશરે ૨૦૦ જેટલા Students હશે. એવામાં ગુર્જીએફને અમેરિકા આવવાનું થયું. બધા Students તો ઉત્સાહમાં આવી ગયાં. અમેરિકા આવ્યા પછી ગુર્જીએફે ઓરેજ ને કોઈ કામનાં બહાના હેઠળ ૩ દિવસ બહારગામ મોકલી દીધા, અને ખુદ પોતે lectures આપવા લાગ્યા. બીજે દિવસે ગુર્જીએફ છાપેલા ફોર્મ લઈને આવ્યા અને બધા Students ને કહ્યું કે, "**જો તમારે મારી પાસેથી શીખવું હોય તો, ઓરેજ સાથે બધી જાતનો સંબંધ કાપી નાખવો પડશે અને આ મતલબનું ફોર્મ ભરી મને આપવું પડશે!!!**"

Students માં અફડાતફડી મચી ગઈ. બધા અસમંજસમાં પડી ગયા. કોઈ આ પક્ષે તો, કોઈ તે પક્ષે જવા વિચારવા લાગ્યા. ત્રણ દિવસ પૂરા થયે, ઓરેજ જેવા પરત આવ્યાં કે - બધા Students એમને ઘેરી વળ્યાં અને બધી વાત કરી. બધાને કુતુહલ હતું, હવે ઓરેજ શું કરશે? ઓરેજે કહ્યું: "**અરે! એમાં શું છે? જો ગુર્જીએફ મને શીખવાડતાં હોય તો, આજથી જ હું મારી સાથે કોઈ સંબંધ નહીં રાખું.**" આમ કહી પોતે જ ફોર્મ ભરી આપ્યું!!!

આ ફરક છે.... Student અને શિષ્યમાં.

એક રીતે જોઈએ તો, મનુષ્ય **'રેડિયો'** કે **'હેમરેડિયો'** જેવો છે. જેવા આપણે નકારાત્મક (Negative) થઈએ છીએ કે તુરંત આપણે બીજાની નકારાત્મકતા (Negativity) સાથે જોડાઈ જઈએ છીએ - ભલેને, તે આપણાથી હજારો માઈલ દૂર હોય. જુદી-જુદી અસંખ્ય તરંગલંબાઈ (Wave length) છે, પરંતુ આપણી જેવી Wave length છે તેવી જ Wave length વાળો કોઈને કોઈ હોવાનો જ, જેને આપણે અસર કરી શકીએ છીએ અને જે-તે આપણને અસર કરી શકે છે.

Negative ન થવાનાં અનેક કારણોમાંનું આ પણ એક મહત્વનું કારણ છે, નહીંતર આપણે બીજાએ ભેગી કરેલી Negativity આપણે લઈ લઈશું. આમ આપણે વધુને વધુ Negative થતાં જઈશું.

જ્યારે આપણે બીજાને Negative બનાવવામાં સહભાગી થઈએ છીએ ત્યારે કેવડી મોટી જવાબદારી લઈ રહ્યાં છીએ, એનો તો જરા વિચાર કરો. કોઈ વ્યક્તિ માંડ બીચારો Negativity થી મુક્ત થતો હોય ત્યાં પાછો આપણે એને Negative બનાવી દઈએ છીએ.

કેટલાંક લોકો કાયમ Negativeness જ એકઠી કરતાં હોય છે. કેટલાક લોકો કાયમ Positiveness જ એકઠી કરતાં હોય છે. આપણને ખબર નથી કોણ કેવો/કેવી છે? એટલે આપણે Negativeness ને બદલે હંમેશા Positiveness જ પ્રસરાવતા રહીએ, તે અત્યંત જરૂરી છે.

જો આપણે સૌ એકબીજા સાથે સંવાદિતતાથી રહીશું, સુમેળપૂર્વક, ભળીને, હળીમળીને રહીશું તો આપણે એવી ઉચ્ચ કક્ષાની ઊર્જા ઉત્પન્ન કરીશું કે સેંકડો માઇલ દૂર બેઠેલાને પણ તે ઊર્જા કામ આવી શકે. એટલું જ નહીં – સેંકડો વર્ષો પછી પણ કામ આવી શકે. બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ ઇત્યાદિની ઊર્જા આપણે આજે પણ અનુભવીએ જ છીએ ને!

આની સાબિતી તમારે જોઈતી હોય તો સાવ સામાન્ય દાખલો આપણી સામે જ છે. દુષ્કાળમાં કોઈ સંત કે ઈશ્વરની મૂર્તિનો વરઘોડો સર્વ લોકો એકઠાં થઈ, પ્રાર્થનાનાં ભાવ સાથે સમસ્ત ગામમાં ફેરવતા અને વરસાદ થાય એટલે તે સંત કે ઈશ્વરનો ચમત્કાર ગણી આભાર માનતા. હકીકતમાં સૌ લોકોની સાથે મળેલી સુસંવાદિત ઊર્જાનું આ પરિણામ છે. શ્રદ્ધાવાન લોકો આ વાત પહેલેથી જ જાણતાં હતા અને હવે વિજ્ઞાન પણ આ વાત સ્વીકારે છે.

હકારાત્મકતાનો એક એકમ સેંકડો રૂપે પ્રગટે છે, પણ નકારાત્મકતાનો એક એકમ હજારો રૂપે પ્રગટે છે. એટલે જ્યારે આપણી કોઈપણ નકારાત્મક બાબતને હકારાત્મકતામાં ફેરવીએ છીએ, તો હકારાત્મકતા હજારો ગણી થઈ જાય છે. આ છે નકારાત્મકતાનાં આશીર્વાદ.

નકારાત્મક ઊર્જાને સકારાત્મક ઊર્જામાં ફેરવવાનો કિમીયો – જો આવડી જાય તો, બેડો પાર થઈ જાય. આ માટે ખૂબ સભાનતાપૂર્વક જોવું – જીવવું ને વિચારવું જરૂરી છે. સમયનો તકાદો પણ છે : **સાદું જીવન – ઉચ્ચ વિચાર.**

ચાલો, આ સંકટના આ સંદેશને આપણે સૌ ઝીલીએ!!!

શું દુઃખનો અભાવ સંભવ છે?

એક તો દુઃખ છે - શારીરિક પીડાનું. શારીરિક પીડાની નોંધ આપણું મગજ કરી લે છે અને ''આવી પીડા ફરી આવશે તો?'' એવો ભય જન્મવા પામે છે.

બીજું દુઃખ છે - એકલતાનું. આપણે એકલા-અટુલા અસહાય છીએ એવો ભાવ ઊંડું દુઃખ આપે છે.

ત્રીજું દુઃખ છે - મૃત્યુનું. પોતાના મૃત્યુનું અને સ્વજનનાં મૃત્યુનું દુઃખ. આપણે કોઈ આપણું ખોઈ બેઠા છીએ, કોઈ આપણને પાછળ છોડતું ગયું છે. એક તો એકલતા અને એમાં વળી આપણે જેને ચાહતા હોઈએ, જેની સાર સંભાળ લેતાં હોઈએ અને જે આપણી સાર-સંભાળ લેતું હોય, જેની સાથે આપણે હંમેશા સાથે જ રહેવાનાં છીએ, એવી લાગણીથી બંધાયેલા હોઈએ એવા સ્વજનનું મૃત્યુ અને વિયોગ. આ પણ મોટું દુઃખ છે.

આપણા સૌની મૂળભૂત માંગ છે - સુરક્ષાની. આ સુરક્ષાની માંગ આપણા લોહીમાં ભળી ગઈ છે. આપણા અચેતન મનમાં ભરી પડે છે - આ પણ દુઃખ છે.

ઘણા દુઃખ પ્રગટ હોય છે, ઘણા ખરા અપ્રગટ. શું આ બધા દુઃખનો અંત સંભવ છે? આવનારા ભવિષ્યમાં નહીં, - પણ અત્યારે જ. **NOW**?

આ માટે ચેતનાને જગાડવી પડશે. ધ્યાનને પ્રજ્વલિત કરવું પડશે. દિમાગથી નહીં, પણ દિલથી જીવવું પડશે.

આ માટે - આથી ઉત્તમ ક્ષણ - વળી, બીજી કઈ હોઈ શકે???

અત્યારે આપણા સૌ ઉપર અચાનક અને અણધાર્યું એકાંત આવી પડ્યું છે એ અનેકવિધ રીતે ઉપયોગી અને જરૂરી તો છે જ, સાથોસાથ એકાંતની અવધિ પણ કેટલી છે, તે આપણે જાણતા ના હોઈ, આ આવી પડેલાં એકાંતનો બને તેટલો સદુપયોગ કરી લઈએ. કોણ જાણે - આવું એકાંત ફરી ક્યારે અને કેવા સંજોગોમાં આવશે? I.C.U.માં?

આપણી ક્રિએટીવીટીને જગાડવા માટે આ ઉત્તમ સમય છે. આગળ પાછળનાં સમયગાળા અંગે શાંતિથી વિચારવા માટેની શ્રેષ્ઠ તક છે. **સદ્ વાંચન** અને **શ્રવણ** માટે પૂરતો વખત છે. બિનજરૂરી વસ્તુઓથી આપમેળે છુટકારો થઈ ગયો છે, તો તે ફરી ઉથલો ના મારે - એ માટે તેના મૂળિયાં કાપવાની તક છે. આપણે સૌ એટલા વિદ્વાન તો નથી કે આ ગાળામાં ભગવદ્ ગીતા ઉપર ટીકા લખી નાખીએ, પરંતુ - કમ સે કમ એકવાર વાંચી તો જરૂર જઈએ!!!

આ એકાંતમાં અમુક ડેન્જર પણ છે. અમુક સાવધાની પણ જરૂરી છે. આ એકાંત દરમિયાન સ્વાભાવિકપણે જ આપણે એવી શારીરિક અને માનસિક આદતોમાં ફસાઈ જઈ શકીએ કે તેનાથી છુટકારો મેળવવો બહુ મુશ્કેલ બને, એટલે સૌએ પોતાની ગજા-સંપદ પ્રમાણે શારીરિક વ્યાયામ કરવો અને પ્રસન્ન ચિત્ત રહેવું, - આ કેવળ આવશ્યક નહીં - અનિવાર્ય પણ છે!!!

વર્તમાન સમયમાં રજોગુણનું પ્રાધાન્ય હોઈ, સમજણ કરતા અભ્યાસ (પ્રેકટીસ) વધુ મહત્ત્વ ભોગવે છે. મોહ - લોભ - કામ અને અભિમાન આપણને જાત-જાતનાં યોગ-અભ્યાસ, ધ્યાન અભ્યાસ, પ્રાણાયામ ઇત્યાદિમાં બાંધી દે છે. તે એટલે હદ સુધી કે આપણને એટલો પણ બોધ રહેતો નથી કે આપણે અભ્યાસનાં રોગી થઈ ગયા છીએ.

સમજણ વિનાનાં અભ્યાસ કરતાં, અભ્યાસ વિનાની સમજણ ઓછી હાનિકારક છે. અગાઉનાં જમાનામાં સૌપ્રથમ જ એ ચેતવણી અપાતી કે યોગ્ય ગુરુ કે માર્ગદર્શક વિના આસન-પ્રાણાયામ ઈત્યાદિનો અભ્યાસ ન કરવો, પણ આજકાલ ''અભ્યાસ'' એક સાધન નહીં, પણ સાધ્ય બની ગયું છે.

વર્ષો સુધી શ્વાસની કસરતો, યોગનાં આસનો કે ધ્યાનની વિધિઓ કર્યા કરવાં છતાં કાંઈ ફળ ન મળે અથવા વિપરીત ફળ મળે છતાં ''અભ્યાસ'' પ્રત્યેનો રાગ અને રોગ ઘટતો નથી. ઊલટું - જેઓ કાંઈક પુણ્યની પૂંજીને લીધે અભ્યાસમાં થોડા શિથિલ હોય એમને ઉશ્કેરી એમને પણ અભ્યાસનાં રોગી બનાવતાં હોય છે.

''થોડું કરો - પણ સમજી - વિચારીને કરો!!!''

ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરાયેલા વિષયો શબ્દ - સ્પર્શ - રૂપ - રસ - ગંધ ને મન દ્વારા અનુભવાય છે, ત્યારે સુખદ સંવેદના પ્રત્યે રાગ અને પ્રતિકૂળ સંવેદના પ્રત્યે દ્વેષ થાય છે. આ રાગ-દ્વેષની Memory (સંગ્રહ) ઓટોમેટીક પ્રતિક્રિયા આપતું રહે છે, તે આપણી બેહોશીને લીધે છે.

અહીં બુદ્ધિ દ્વારા આ અનુકૂળ-પ્રતિકૂળ સંવેદનાઓને ધ્યાનપૂર્વક જોતાં રહીએ : એ જ એકમાત્ર ઉપાય છે, મંદ બુદ્ધિથી આ શક્ય નથી.

એટલે એકમાત્ર અને આખરી ઉપાય એ જ છે કે આપણે આપણી બુદ્ધિને ધારદાર બનાવીએ. એ કેવી રીતે? બુદ્ધિમાન કે વિચારમાન માટે એક શબ્દ છે : "**બહુશ્રુત**" - જેણે ખૂબ સાંભળ્યું હોય એવો - મતલબ "**શ્રવણ**".

શ્રવણ માટે પણ મોટાભાગનાં સાધકો લાયક હોતા નથી. પોતાને જે સાંભળવું છે - એ જ સાંભળે છે. શ્રવણની આ અસમર્થતતાનો આપણે અહેસાસ, આપણી અંદર, આપણા માટે કરીએ અને ધ્યાનપૂર્વક સાંભળવા માટે સભાન રહીએ. પૂજા - પાઠ, નામ - જપ, કીર્તન - ભજન, સેવા - દાન - દયા વગેરેથી અન્ય તો ઘણા લાભ થાય છે જ.... પણ.... સૌથી મોટો એ લાભ થાય છે કે -

"આપણી શ્રવણની અસમર્થ થતા મટે છે."

જો પૂજા-પાઠ, કથા-શ્રવણ, ચિંતન-મનન, ધ્યાન-સમાધિ કે સાક્ષાત્કાર, તમારી અંદર દયા-કરુણા ન પ્રગટાવી શકે, તો આમાં જરૂર ક્યાંક લોચો છે.

"दया धरम का मूल है, - पाप मूल अभिमान!!!"

અહીં સૂક્ષ્મ બાબત એ પણ છે કે આપણું અભિમાન કે અહંકાર પોતાને છાવરવા દયા - કરુણાનું રૂપ લઈ લે છે. આપણે આપણી જાતને દયાવાન - કરુણાવાન માનતા રહીએ છીએ. ઘણીવાર તે દયા - કરુણાને બદલે પશ્ચાતાપ કે પ્રતિક્રમણ પણ હોઈ શકે. જુના જમાનામાં બહારવટીયાં અને દાણચોરો પોતાને દયાવાનમાં ખપાવવા ઘણો દેખાડો કરતાં. આજે વસ્તુ વધારે ગૂંચવાડા ભરી થઈ ગઈ છે. દયા - કરુણા એ કોઈ કૃત્ય નથી, એક સદ્‌વૃત્તિ છે, સદ્-સંપત્તિ છે. અને જો તમે "**તપ**"ની તૈયારી વિના દયા - કરુણા દાખવવા જશો તો એ વધુ હિંસક બની પ્રગટશે.

સહજ - કુદરતી રીતે આપણાં હૃદયમાં દયા - કરુણાને અનુભવો. આગળ ઈશ્વરેચ્છા!!!

જે જ્ઞાન માટે તત્પર છે, તે સાધક છે, મુમુક્ષુ છે.

દરેકની અંદર જ્ઞાનની તત્પરતા વત્તે-ઓછે અંશે પડેલી જ હોય છે, એને જાગૃત કરવાની જરૂર છે. આ પ્રક્રિયા ધીરે -ધીરે, **शनैः शनैः** થાય તો સમ્યક્ ગણાય. ઉતાવળે, આપણા ટાઈમ ટેબલ પ્રમાણે, જ્ઞાનનું અર્જન કરવા જઈએ છીએ ત્યારે મહદ્અંશે એ જ્ઞાન, સાધના કે સિદ્ધિ - અહંકાર અને અભિમાનમાં જ પરિણમતી હોય છે.

જો મળે તો - આપણને એનો આનંદ ક્ષણ માત્ર જ થાય, પણ જો - ના - મળે - તો એનું દુઃખ - વેદના - સંતાપ આપણને પીડ્યા જ કરે, તો એ અવશ્ય જાણવું કે આ આપણું અભિમાન છે.

વળી, જે નથી મળ્યું એ મેળવવા - કોઈ પ્રયાસ, સંઘર્ષ કરવાને બદલે, અન્ય નિમિત્તને દોષિત ગણીને વાંક કાઢ્યા કરીએ છીએ - એ પણ આપણું અભિમાન જ છે.

જ્યાં સુધી તમને એમ લાગ્યા કરે કે મારી સાંસારિક કે આધ્યાત્મિક પ્રગતિ અમુક વ્યક્તિ કે સંજોગોને કારણે અટકી ગઈ છે કે ધીમી પડી રહી છે તો અવશ્ય માનજો કે તમે ખુદ તમારી સંસારિક કે આધ્યાત્મિક પ્રગતિ માટે તમારી જાતને પૂર્ણપણે જવાબદાર ગણી નથી.

મોક્ષ હો કે ઐશ્વર્ય, એનો સીધો મતલબ માત્ર અને માત્ર એટલો જ છે કે જિંદગી અને જિંદગી દરમિયાન મળતાં માણસો "**તમને**" સુખી કરે - તે માંગમાંથી, તમે તમારી જાતને મુક્ત કરી છે.

જ્યારે તમને આવી મુક્તિનો થોડો પણ અહેસાસ થવા લાગશે કે તમે સ્વાભાવિક જ બીજા ઉપર **શરતો** અને **માંગ** ઓછી કરતાં થઈ જશો.

"**पहले प्रारब्ध बना, पीछे बना शरीर**!!!"

પ્રારબ્ધમાં જે કાંઈ સારું-ખરાબ ભોગવવાનું હશે, તે તમારે ભોગવવું પડશે. તમે એ હસતાં હસતાં ભોગવી લો, કે બીજાનો દોષ કાઢી નવા બંધનો ઊભાં કરો - એ તમારા હાથની વાત છે. એ જ પુરુષાર્થ છે. એ જ પ્રતિક્રમણ છે.

જ્યારે તમે અંદરથી પરમતત્ત્વ સાથે જોડાયેલાં હો છો ત્યારે - બધું જ સારું લાગે છે.

જ્યારે આ કનેક્શન ઢીલું પડે કે તૂટી જાય ત્યારે જ બીજાનાં દોષ દેખાય છે.

માટે આપણે, આપણી અંદરના પરમતત્ત્વ સાથે ફરી ફરી જોડાતાં રહેવું પડશે જ.

એકવાર એવું બન્યું કે એક સુંદર અને યુવાન સ્ત્રી કોઈનાં ઘરનું બારણું ખટખટાવે છે.

ઘરધણી પૂછે છે : તું કોણ છે?

સ્ત્રી જવાબ આપે છે : હું લક્ષ્મી છું, ધનની દેવી. ઘરધણી ખૂબ રાજી થયો અને તેણે પ્રેમપૂર્વક સ્ત્રીને પોતાના ઘરે આવકાર આપ્યો.

થોડીવાર થઈ ત્યાં એક કદરૂપી સ્ત્રી બારણે આવી. ઘરધણીએ પૂછ્યુંઃ તું કોણ છે? સ્ત્રી જવાબ આપે છે : હું કાલી છું. દુઃખ, ગરીબી, યાતનાની દેવી. ઘરધણી આ સ્ત્રીને તગડવાં લાગ્યો, પણ તે સ્ત્રીએ જવાનો ઇન્કાર કર્યો અને કહ્યું કે, લક્ષ્મી મારી બહેન છે અને અમે બંનેએ સાથે રહેવાના સોગંદ ખાધા છે. જો તું મને તગડશે તો લક્ષ્મી પણ જતી રહેશે. તો પણ ઘરધણી માન્યો નહીં, અને તે કદરૂપી સ્ત્રીને તગડી મૂકી. તુરંત જ એ ઘરમાંથી લક્ષ્મી પણ નીકળી ગઈ!!!

જન્મ સાથે મૃત્યુ છે, સદ્ભાગ્ય સાથે કમનસીબી છે, સારા પછી ખરાબ અને ખરાબ પછી સારું - એમ જીવનની ઘટમાળ, તડકા છાયાંની જેમ ચાલ્યા જ કરે છે. દરેક સાધકે આ વાત સમજવી જ રહી. મૂર્ખાઓ ઐશ્વર્ય પાછળ દોડે છે ને વિપત્તિથી ભાગે છે, પણ આત્મજ્ઞાન માટે પ્રયાસ કરતાં સાધકોએ આ બંનેથી ઉપર ઉઠવાનું છે, અને દુન્યવી વસ્તુનાં મોહથી અલિપ્ત રહેવાનું છે.

એવો કોઈ વૈશ્વિક કે આધ્યાત્મિક નિયમ નથી કે તમારી આજુબાજુ જે કંઈ પણ થાય તે બધું તમને ગમવું જોઈએ, પણ તમારી આજુબાજુ જે કાંઈ પણ થાય તેને તમે દ્વેષભાવ કે અણગમાથી ના લઈ શકો. બૌદ્ધિક સ્તરે Negative Attitude હોવો જરૂરી છે, કેમકે એવી ઘણી બધી વસ્તુઓ - પરિસ્થિતિઓ અને સ્થિતિઓ છે કે જે તમે Negative Attitude કેળવો તો જ સમજી શકો, પણ લાગણીના સ્તરે એટલે કે Emotionally તમે કશું પણ Dislike ના કરી શકો.

ઈસુને વધસ્તંભ ઉપર ચડવું કે ભગવાન રમણને કેન્સરની પીડાથી મરવું - અવશ્ય ના ગમ્યું હોય, પણ તેમણે આ પરિસ્થિતિ વ્યક્તિગત Personally લીધી જ નહીં. આપણી આ આદત કે દરેક પરિસ્થિતિ અને સ્થિતિને આપણે Personally લઈ લઈએ છીએ, એ જ આપણા બંધન - દુઃખ - યાતનાનું કારણ છે. આપણી અંદર સતત **Why me**? એટલે કે મને કેમ આવું થયું? એ જ ચાલતું હોય છે.

ઘણીવાર તો જે કાંઈ આપણને ''ના-ગમતું'' થાય તુરંત જ આપણે બીજાનો વાંક શોધી કાઢીએ છીએ.

બીજા આપણો વાંક શોધી કાઢે - એ આપણે સ્વીકારી શકતાં નથી તો પછી....

આપણે બીજાનો વાંક કેમ કાઢી શકીએ?

આપણે માનીએ કે ના માનીએ અથવા આપણે જાણીએ કે ના જાણીએ, તો પણ વૈશ્વિક સ્તરે જે કોઈ મોટી ઘટનાઓ - જેમકે વિશ્વયુદ્ધ જેવી મહાઆપદા, કોરોના જેવી મહામારી ઇત્યાદિ આપણી ચેતનાને અવશ્ય અસર કરે જ છે.

આવે વખતે એટલી બધી એનર્જી રીલીઝ થાય છે કે જો તમે જાગૃત હો તો એનો પૂરેપૂરો લાભ લઈ શકો. **''જાગૃત રહેવું એ આપણા હાથની વાત નથી એટલું નમ્રપણે સ્વીકારાયું હોય તો આપણે આપણા વલણો તો અવશ્ય બદલી શકીએ - એવી સ્થિતિમાં હોઈએ જ છીએ.''**

આપણે હંમેશા - એમ જ વિચારીએ છીએ કે, ''મારી અંદર નકારાત્મક ઊર્જા આવિર્ભાવ પામે છે,'' તેનું કારણ અન્ય બીજી વ્યક્તિ અથવા બાહ્ય સંજોગો જ છે. આ સૌથી મોટી ભ્રમણા છે.

જો આ વાત યાદ રાખીએ તો ધીરે-ધીરે આપણી વિચારસરણી બદલાય અને લાંબા ગાળે આપણા વલણો (Attitudes) પણ બદલાય!!!

આપણે માનીએ છીએ કે આપણાં તોછડાપણાં અને ગુસ્સા માટે વાજબી કારણ હતું, પણ હકીકત એ છે કે કોઈ કારણ વાજબી નથી હોતું. તમારે એટલું તો સમજવું જ રહ્યું – ગુસ્સો કે તોછડાપણું જે તે કારણમાં નથી, તમારી – મારી અંદર છે.

બાહ્ય પરિસ્થિતિ કેવળ નિમિત્ત માત્ર છે. જો આટલું બરાબર સમજાઈ ગયું તો આપણે સાચી રીતે વિચારવાનું શરૂ કરી શકીએ.

જો હજી પણ તમને એમ લાગતું હોય કે બાહ્ય કારણોને લીધે તમને ગુસ્સો કે કંટાળો આવે છે – તો નક્કી માનજો કે તમે સાચી રીતે વિચારવાનું હજી શરૂ કર્યુ નથી.

વિચાર જ આપણો મિત્ર છે .... ને

વિચાર જ આપણો શત્રુ છે!!!

એકવાર ગુસ્સો પ્રગટ થવા લાગ્યો - પછી તમે એને રોકી શકવા સમર્થ નથી. આ શક્ય જ નથી. આ એક લાંબા ગાળાની સાધના છે.

તમે જે-તે વ્યક્તિ અથવા વિષય બાબત કેવી રીતે વિચારો છો? - એનું લાંબા સમય સુધી નિરીક્ષણ કરી એ સામે ઝઝૂમવું પડે.

પહેલી લડાઈ તમારા મનમાં ઉદ્દભવે. શાંત પળોમાં તમે જે-તે વ્યક્તિ કે વિષય વિશે કઈ રીતે વિચારો છો? તે જોતાં રહેવું પડે.

તમને એ દેખાવા લાગે કે મોટાભાગે આપણે સામેની વ્યક્તિને ખોટી માનતા હોઈએ છીએ, તેનું આપણા પ્રત્યેનું વર્તન બરાબર નથી, એવું આપણે માનતા હોઈએ છીએ.

જો આ વિચારસરણી સામે સંઘર્ષ કરી આપણે સાચી રીતે વિચારી શકીએ તો આપણે જ્યારે ગુસ્સાનો ઊભરો આવે ત્યારે તેની સામે રોકવા એક તાકાત ઊભી કરી શકીએ.

આપણે આપણી બુદ્ધિનો નિમ્નતમ ભાગ ઉપયોગમાં લેવાને બદલે ઉચ્ચત્તમ ભાગ ઉપયોગમાં લેતાં શીખવું જોઈએ.

- Intellectual Part of Intellectual Centre!!!

જો ઇચ્છાઓને સંતોષવાથી ''ઇચ્છા''થી મુક્ત થવાતું હોય તો ઇચ્છા સંતોષવામાં કોઈ દોષ નથી. પણ આવું જવલ્લે જ થતું હોય છે.

સામાન્યતઃ ઇચ્છાઓ સંતોષાવાથી - વિરામ પામતી નથી. આ તો એનાં જેવું છે કે, આગ હોલાવવા માટે આપણે આગમાં ઘી નાખીએ.

આથી તો ઇચ્છા વકરે છે, અને વકરેલી ઇચ્છા ''આદત''માં પરિણમે છે. આવી ''આદતો'' આપણામાં નકારાત્મક લાગણી જન્માવે છે જેમ કે - **કોઈ ઇચ્છા કે ટેવ ન સંતોષાતા ક્રોધ જન્મે છે. ધીરે-ધીરે આપણને ખબર પણ ન પડે એમ ક્રોધની પણ આદત બની જાય છે.**

સાંસારિક જગતમાં ક્રોધ વ્યક્ત કરવો મુનાસિફ ન હોય તો એ જ ક્રોધ) ઈર્ષ્યા બની આપણને જ બાળે છે. આમ, ઇચ્છા સંતોષવાની પણ નથી, તેમજ ઇચ્છાઓને બળજબરીપૂર્વક દબાવવાની પણ નથી - કારણ કે નહીંતર તે સ્પ્રિંગની જેમ વધુ તાકાતથી ઉછળે છે.

સમ્યક્ ઉપાય છે - ઇચ્છાઓને જોવી, અવલોકવી, સમજવી, પારખવી અને આપમેળે છૂટે ત્યારે વિદાય દેવી!!!

ખરી જીવન સાધના ત્રિવિધ ધારામાં વહે છે.

૧. પોતાની જાતને સમજવાની સાધના

૨. સહ-યાત્રીઓને સહાયરૂપ થવાની સાધના

૩. ગુરુજનોનાં ઋણ ચૂકવવાની સાધના

આમાં એ વસ્તુ એકદમ અનિવાર્ય છે, કે પ્રથમ ધારાની સાધના એટલે કે પોતાની જાતને મઠારવાની સાધનામાં અમુક તબક્કા પાર કર્યા પછી જ - અને માત્ર પછી જ બીજી અને ત્રીજી ધારાની સાધના શરૂ થાય છે.

આપણે ભલે આપણી જાતને પરદુઃખભંજન વીર વિક્રમ માનતા હોઈએ, હકીકતે આપણે માત્ર અને માત્ર સ્વ-વિકાસથી સાચી શરૂઆત કરી શકીએ.

અને સાથે એ પણ એટલું જ અનિવાર્ય (જે નિવારી ન શકાય એવું) છે કે આપણે આપણી અંદર સાચી રીતે આપણી જાતને બે ભાગમાં વિભાજિત ના કરીએ ત્યાં સુધી કોઈ જ સાચી શરૂઆત શક્ય નથી.

જે ભાગ જાગવા માંગે છે તેને ''હું'' અને જે ભાગ બેહોશ રહેવા માંગે છે તેને **"It"** કે ચંદુલાલ એ રીતે બે વિભાજન કરવા રહ્યા.

આ એટલે મુશ્કેલ છે કે આપણે આપણને જે ગમે તેને ''હું'' અને જે ના ગમે તેને **"It"** ગણવા ટેવાઈ ગયેલા છીએ.

આત્મસ્મરણ ગુરુ ચાવી છે. આ માટે સૌપ્રથમ તો એ સ્વીકારવું જ રહ્યું કે આપણે આપણી જાતને સતત ભૂલતાં જ રહેતા હોઈએ છીએ. તીવ્ર પીડા, તાત્કાલિક ભય કે પ્રેમના ક્ષણિક આવેગ કે ક્રોધની આંધી વખતે ક્ષણિક આપણે વર્તમાનમાં આપણને અનુભવીએ છીએ. આપણને આપણાથી ઉપર કાંઇક છે, એની આછેરી ઝાંખી થાય છે, પણ અહીં આપણો કોઈ કંટ્રોલ નથી હોતો. તેથી આવી ક્ષણો લાભને બદલે નુકસાન જ કરતી હોય છે.

આપણે એ સમજવું જ રહ્યું કે આપણે ખૂબ લાંબા ગાળા સુધી પૂરતા પ્રમાણમાં પુરુષાર્થ કરીએ તો અને માત્ર તો જ આપણે આત્મ-વિસ્મરણની પકડમાંથી છૂટી શકીએ.

આમાં - સૌથી મોટું વિઘ્ન છે : **આત્મ-રતિ.**

આપણે આપણા ''હું'' ને એ હદે ચાહતા હોઈએ છીએ કે આપણા સર્વ વિચારો-લાગણીઓ અને કાર્યો એની જ આસપાસ રચાતા હોય છે. આ ''હું'' હટે નહીં - ત્યાં સુધી બધું જ વ્યર્થ છે.

આપણો સામાજિક માન-મોભો અને આપણી અંદર ચાલતો, સતત હીનતાનો બોધ આપણને બેહોશ રાખવા માટે પૂરતા સક્ષમ છે.

આત્મ સ્મરણ માટે સૌપ્રથમ તો સમર્પણ, ભક્તિ, સેવા, નમ્રતા, વિનય, દીનતા, સ્વ-અવહેલના, આત્મ નિવેદન, અપરિગ્રહ ઇત્યાદિ અતિ જરૂરી છે.

એ પછી આવે ''સંતોષ''ની સ્થિતિ, સંતોષી નર સદા સુખી. સંતોષ ન હોય તો તમે આત્મ સ્મરણ ના કરી શકો.

આજકાલ આધ્યાત્મિક હોવા કરતાં આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષા વધારે જોવા મળે છે. બધી મહત્ત્વાકાંક્ષા Ego ની છે અને એમાં સૌથી છેતરમણી મહત્ત્વાકાંક્ષા છે - આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષા.

અધ્યાત્મ Become ની પ્રોસેસ નથી, Being નો કીમિયો છે. મેળવવા જશો તો ખોઈ બેસશો. પકડવા જશો તો છટકી જશે. સમજવા જશો તો સરકી જશે.

તમે એટલા સ્વાવલંબી અને સ્વતંત્ર થાવ કે સમર્પણ કરી શકો. હકીકતે સમર્પણ ઘટે છે - કરાતું નથી. પણ Ego સમર્પણ ઉપર પણ કબજો મેળવી લે છે.

ઉપરામતા અને તિતિક્ષા કેળવો અને શ્રદ્ધા રાખો.

જ્યારે તમે સુખ અને આનંદથી ભરપૂર હો, તમારું શ્રેષ્ઠ વ્યક્ત કરતાં હો, તમે બીજાઓ માટે જીવતા હો, તમારા મનમાં સૌના કલ્યાણની ભાવના હોય - ત્યારે સમય કેટલો ઝડપથી વીતે છે!!!

પરંતુ, એનો અર્થ એ નથી કે ખરાબ સમયમાં સમય ખુદ તમારા માટે બોજા રૂપ બની જાય, તમને અવરોધે, તમને અટકાવી દે!!!.... સમય તો સમય છે.

સત્યનારાયણની કથામાં છેલ્લા અધ્યાયમાં કહેવાયું છે કે **'કોઈ મને ''સત્ય'' કહે છે, કોઈ મને ''કાલ'' કહે છે, કોઈ મને ''સમય'' કહે છે.'....**

એવું પણ કહેવાય છે કે,

समय समय बलवान है, नहीं पुरुष बलवान ।
काबे अर्जुन लूटियों, वही धनुष वही बाण ।

કોઈ કામ કરવાની સ્વાભાવિક ઇચ્છા હૃદયમાં ત્યારે જ જન્મે છે, જ્યારે તે કાર્ય માટેનો યોગ્ય સમય આવી ગયો હોય!!!

અહીં ઇચ્છા **''સ્વાભાવિક''** અને **''હૃદય''**માં જન્મવી આવશ્યક છે.

તમારું હૃદય જે કરાવે તે કરો,
કારણ કે
તમારો ખજાનો ત્યાં છે!!!

જ્યારે પણ પ્રેમ કરો, સાચા હૃદયથી કરો. જ્યાં સુધી અભિમાનનો છાંટો પણ દિલમાં હશે - ત્યાં સુધી પ્રેમની જવાળા તમને બાળવાની જ.... માટે હૃદયમાંથી કામ - ક્રોધ - ઈર્ષ્યાં.... ઇત્યાદિ આસુરી સંપત્તિને હટાવતા રહો. હા, એ સંપત્તિ જરૂર છે - પણ આસુરી છે.

એટલે.... અંતે તો વિનાશ જ વેરશે.

કોને પ્રેમ કરવો એ શોધવા અને પાત્ર પસંદ કરવા ન નીકળો, ફક્ત તમારું હૃદય ઉઘાડું રાખો અને તમારા પ્રેમના પ્રવાહને સર્વ જીવો પ્રત્યે વહેતો મૂકી દો. આથી તમને દિવ્ય પ્રેમની પ્રાપ્તિ થશે. નળમાં વહેતા પાણીની જેમ - પ્રેમને ચાલુ કે બંધ કરવાનો હોતો નથી. પ્રેમ કોઈને બાકાત રાખતો નથી અને કોઈ પ્રત્યે માલિકી ભાવ ધરાવતો નથી.

જેમ જેમ તમે પ્રેમને વહેંચતા જશો, તેમ તેમ તે વધતો જશે, પણ જો તમે પ્રેમને પકડી રાખવા જશો તો પ્રેમને ગુમાવી બેસશો.

પ્રેમને વહેવા દો, પ્રેમને જવા દો.... અને તે હજાર ગણો થઈ તમારા તરફ પાછો આવશે...

જ્યાં સુખ-ભોગની લાલસા છે, ત્યાં પ્રેમ ટકતો નથી.

કરવું (To do), પાસે હોવું (To have) અને હોવું (To be) એટલે કે કર્તા, ભોક્તા અને સાક્ષી (આત્મા) આ ત્રણ વચ્ચે આપણું જીવન વહ્યાં કરે છે, અટવાયા કરે છે અને અથડાયા કરે છે.

વિવેકપૂર્ણ જ્ઞાન (True knowledge) અને નિજ અનુભવ (Right experience) વિના આ ત્રણ વચ્ચે સામંજસ્ય (Balance) શક્ય નથી, પરંતુ પ્રમાદવશ આ માટે જરૂરી સાધના આપણે ટાળીએ છીએ અને **''આપણું''** જે કાંઈ જ્ઞાન કે અનુભવ હોય એને સાચો ઠેરવવા મથ્યાં કરીએ છીએ. કોઈક શુભ પળે આપણી આ સ્થિતિનું દર્શન આપણને થાય તો પણ એનાથી જન્મતી પીડા અને વિષાદથી બચવા આપણે આ **''દર્શન''** પ્રતિ આંખ આડા કાન કરીએ છીએ.

નિષિદ્ધ કર્મો (Do not do) છોડવાથી આપણી આજુબાજુનાં માણસો સાથે આપણાં સંબંધો સુમેળભર્યા રહે છે. અષ્ટાંગ યોગમાં એને **''યમ''** કહે છે જેમ કે જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વધુ પડતું ન સંઘરવું, ઇત્યાદિ.

વિહિત કર્મ એટલે કે શાસ્ત્ર સંમત કર્મ કરવાથી આપણો આપણા દેહ સાથેનો સંબંધ સુમેળ ભર્યો (Balanced) રહે છે. અષ્ટાંગ યોગમાં એને **''નિયમ''** કહે છે, જેમ કે શ્રદ્ધા, સંતોષ, શૌચ, સ્વાધ્યાય ઇત્યાદિ.

યોગાસનથી મન અને પ્રાણાયામથી ચિત્ત શુદ્ધ થાય છે.

દરરોજ સવારે આપણે ફરી જન્મીએ છીએ. **''આજે''** આપણે જે કાંઈ કરીએ તે સૌથી અગત્યનું છે.

સુખનો કોઇ માર્ગ હોતો નથી, સુખ પોતે જ સુખનો મારગ છે.

આજે સુખી રહીએ.... આજે સુખી કરીએ....

અને... આજ, આપણે આ માટે ઇશ્વરનો આભાર માનીએ.

Whoever does, whatever to whomever is ACTUALLY doing it only to himself / herself.

God is available to anyone in this very moment. You have just to stop your **MIND** to look for **It**.

Mind does not know where to find It.

You can search throughout the entire universe for someone who is more deserving of your love and affection than you are yourself, but that person is not to be found anywhere. You - yourself, as much as anybody in the entire universe deserve your love and affection.

"Start now."

Nothing in this world happens by chance.

Stop being who you were

and

Now become who you are!!!

''ઘડો - માટીથી, કિરણ - સૂરજથી, અલંકાર (ઘરેણું) સુવર્ણથી, પરપોટો સાગરથી અને આપણે પરમાત્માથી અલગ નથી. અલગ થઈ શકીએ એમ નથી.'' - આટલી સીધી સાદી વાત છે પણ આપણને એટલે દેખાતી નથી કે આપણે નામ-રૂપના આદી થઈ ગયા છીએ.

એકવાર કંગન, હાર અને કંદોરા વચ્ચે વિવાદ થયો કે આપણામાંથી કોણ શ્રેષ્ઠ? પરંતુ કોઈ ઉત્તર સંતોષકારક ન લાગતાં ત્રણેય **''ભગવાન''** પાસે ગયા અને પૂછ્યું, **''અમારામાંથી શ્રેષ્ઠ કોણ?''**

ભગવાને સામે પૂછ્યું - તમે મને કેમ પૂછો છો? ત્રણેયે ઉત્તર આપ્યો, - **''આપ ભગવાન છો, સર્વ પદાર્થના જ્ઞાતા છો, સર્વ શક્તિમાન છો, સર્વ વ્યાપી છો. એટલે તમને ન પૂછીએ તો કોને પૂછીએ?''**

ભગવાન બોલ્યા, - **''હું તમારા વિવાદનો ઉકેલ આપવા અસમર્થ છું.'' - કારણ કે મને ત્રણેયમાં કેવળ સુવર્ણ જ દેખાય છે અને એટલે જ હું ''ભગવાન'' છું!!!**

ખરો વિવેક - ઘડામાં માટી, કિરણમાં સૂરજ, ઘરેણામાં સોનું, દેહમાં આત્મા, ફૂલમાં સુગંધ અને ઘટાકાશમાં મહાકાશ જોવામાં છે.

આ ''દર્શનથી'' જે કાંઈ વિસર્જન પામે એ ''મિથ્યા'' છે. એ ''મિથ્યા''થી છૂટવું એ જ ''મુક્તિ'' છે.

As a human being, we have no choice about the fact that we need a **PHILOSOPHY**. Our only choice is whether we define our philosophy by a conscious, rational, disciplined process of thought and scrupulously logical deliberation....

OR

Let our subconscious accumulate a junk heap of unwarranted conclusions, false generalizations, undefined contradictions, undigested slogans, unidentified wishes, doubts and fears, all thrown together by chance....

BUT

integrated by our subconscious into a kind of mongrel philosophy

AND

Fused into a single solid weight :

"SELF DOUBT."

એકવાર વાંચ્યે ના સમજાય તો બે-ત્રણ વાર વાંચજો.
આપણી જ વાત છે, આપણે જ સમજવી પડશે.

For those who are not afraid by the solitude or satsang - everything will have a different taste.

- In solitude and satsang, we will discover the **LOVE** that might otherwise arrive un-noticed.

- In solitude and satsang, we will understand and respect the **LOVE** that left us.

- In solitude and satsang, we will be able to decide if it is worth asking that **LOVE** - that lost love - to come back.... ....**OR**....

If we should simply let go and set off along a new path.

- In solitude and satsang, we will learn that saying **"NO"** does not always show a lack of generousity and that saying **"YES"** is not always a virtue.

The divine energy (દૈવી શકિત) is listening to us when we are still and silent and able to accept solitute and satsang as a **BLESSING**.

Then, we will receive more than we asked for.

લોકો એકબીજાને સમજતાં નથી. લોકો એ નથી જોતાં કે તેઓ બધા સરખા જ છે. – કોઈ વધુ સારા નથી કે કોઈ અતિશય ખરાબ નથી.

બધા લોકોએ એક સરખી સમસ્યાઓમાંથી પસાર થવું પડે છે. એક સરખી મુશ્કેલીઓ, એક સરખાં રોગો .... આપણે આ બધામાંથી પસાર થવું જ રહ્યું!!!

જે કંઈ વસ્તુ આપણે આપીએ છીએ, તે આપણે મેળવીશું. જે રીતે – આપણે આપીએ છીએ, બરાબર તે જ પ્રકારે આપણે પામીએ છીએ.

દરેક વસ્તુઓ જે આપણે આપીએ છીએ – તેની તે જ સાઈઝ (કદ) માં એ જ સમાન રંગમાં, એ જ સમાન ગુણવત્તામાં આપણે તેને એકઠી કરીએ છીએ.

આપણે ''આપતાં'' (કઈ રીતે આપવું તે) શીખવાનું છે.
તે કદાચ અઘરું હશે – (લાગે). પણ ....
આપણે શીખવું જ પડશે ....
''આપતાં – શીખવાનું''!!!

એક ગુરુએ તેમના શિષ્યોને જન્મ અને મૃત્યુનાં આ વિશ્વને પાર કરવા (ઉપર ઉઠવા) ખંત પૂર્વક અભ્યાસ કરવા વિનંતી કરી.

એક શિષ્યએ તેને પૂછ્યું : મહેરબાની કરીને અમને કહો કે **''જન્મ અને મૃત્યુની આ દુનિયા''** કેવી રીતે પાર કરવી?

ગુરુએ કહ્યું : **એ માટે તમારે કોઈ ''જન્મ અને મૃત્યુ વિનાની (અમર) દુનિયા જોવી પડશે!!!**

શિષ્યએ ફરીથી પૂછ્યું : આપણે જ્યાં જન્મ અને મૃત્યુ નથી તેવી અમૃતસભર ચિન્મય દુનિયા ક્યાં શોધી શકીએ?

ગુરુએ જવાબ આપતાં કહ્યું કે, **''તમે તેને, જન્મ અને મૃત્યુવાળી - આ મૃણ્મયી દુનિયામાં શોધો!!!''**

તમને જે કરવા જેવું લાગતું હોય તે આજે જ અને અત્યારે જ કરવાનું શરૂ કરી દો!!! તમને એમ પણ થતું હશે કે હવે તો ઉંમર થઈ ગઈ કે હવે તો બાજી હાથમાં નથી કે હવે તો આવતાં જન્મે કરીશું તો આના જવાબમાં ''હું'' કહીશ કે,

''હજુ કાંઈ મોડું નથી થયું, તમે શરૂ તો કરી જુઓ.''

બીજું આપણને એમ થાય કે મારી પાસે શક્તિ અને સંસાધનો નથી તો હું એના જવાબમાં એમ કહીશ કે **''જે કાંઈ થોડી ઘણી પૂંજી, જે કાંઈ થોડી ઘણી જાગૃતિ છે, એનાથી તમે શરૂ કરી દો.''**

મેં સાંભળ્યું છે કે મુંબઈના એક શેઠ માંડ પાંચ પગથિયાં ચાલી શકતા હતાં. એમણે ધીરજ અને હિંમતથી રોજ એક-બે પગથિયાં વધારતાં પાલિતાણાનાં ડુંગરે ચડીને દર્શન કરેલાં.

ભગવાન સર્વ શક્તિમાન છે, તે તમને શક્તિની ખોટ નહીં પડવા દે.

હા, શૉર્ટકટ ગોતવાની આદત ઉપર કંટ્રોલ કરવો પડશે. પરોપજીવી મટી સ્વાવલંબી બનવું પડશે. આવતીકાલે તમારે જે થવું છે - તે થવા માટે **''આજે તમે જે છો'' એને વિદાય આપવી પડશે.**

વખત ભલે વસમો હોય;

વા'લા ની વાટે - વિસામો વિતાવી,

વટેમાર્ગુ જેવી શ્રદ્ધા રાખી -

ધીરે-ધીરે આગળ વધીએ!!!

A Sufi Fakir once plops down in the King's throne. Chief minister of the King went to the Fakir and asked : who are you? Do you think you are a minister?

Fakir replied : No, I am not just a minister, I am more than that.

Chief minister asked : Do you think you are a Chief minister?

Fakir replied : No, I am not the Chief minister. I am more than that!!

Chief minister asked : Then, do you think you are a King?

Fakir replied : No, I am not a King. I am more than that!!!

Chief minister was shocked yet asked the Fakir - Then, do you think you are an emperor?

Fakir replied - No, I am not an emperor.

I'm more than that.

Chief minister asked in anguish - "Then do you think are you GOD?"

Fakir replied - **"No, I am not GOD.**

I am more than that!!!"

Chief minister was aghast; and said : "More than GOD, there is nothing."

Sufi Fakir replied :

PRECISELY, I AM THAT "NOTHING!!!"

We imagine that we will realize **THE SELF** (આત્મ-સાક્ષાત્કાર) sometime, whereas we are **NEVER** anything but **THE SELF** (આત્મા).

The conception that there is a goal and a path to it - is wrong. We are the goal or **PEACE** always. To get rid of the notion that we are not **PEACE** or **SELF** (આત્મા) is all that is required.

You need not aspire for or get any new state (સમાધિ ઇત્યાદિ). Get rid of your present thoughts, that's all.

You are an incredible mystery that you will never figure out.

Who you are really? Nobody can tell us - what we are. Nobody can really tell us.

What would happen if you were to allow everything to be exactly as it is? If you give up the need for control, what will you lose?

The TRUTH is that you already are what you are seeking.

There are unimaginable beauty and mystery in the nature, in the world,

But

When we look out at the human world, we undoubtedly find that there is also great amount of suffering and discontent, violence, hate, ignorance, greed and fear.

Why we human beings - seem to be prone to suffering? Why it is that we seem to hold onto suffering, as if it is an important possession? Why we have a difficulty to put down our suffering?

The reason is very simple :

"WE BELIEVE - WHAT WE THINK."

Why do we believe the thoughts in our head? Why we hold onto them and become identified even where they cause great pain and suffering? Why?

It is very important to understand what is a complete being and what is an incomplete being.

Let us compare horse carriage with an aeroplane.

An aeroplane has many possibilities that an ordinary carriage does not have but at the same time an aeroplane can be used as an ordinary carriage.

It would be very clumsy and inconvenient and also very expensive, but we can attach two horses to it and travel in an aeroplane by road!!!

If somebody knows something about its engine that he can dispense - with the horses and use it as a motor car.

If somebody studies its machine further and discovers that it can fly!!!

This is what we are doing with ourselves. We use ourselves as a carriage, when we would and could fly.....

Therefore, please **SEE** for yourself what is **USEFUL** and what is **HARMFUL** for you. **JUST SEE.**

There was a young monk who was very sincere to meditation.

Once he came across something he didn't understand, so he went to ask his Master. When the Master heard the question, Master started laughing loudly. Then Master stood up and walked away still laughing.

The young monk was very disturbed. For the next 3 days he didn't eat, sleep or pray (meditate) properly. So, he went again to the Master and told him how disturbed he had felt.

When the Master heard this, he said, "Monk! do you know what your problem is?

Your problem is : **YOU ARE WORSE THAN A CLOWN** (ડાગલો)**.**

The monk was shocked to hear this :

How can I be worse than a clown?

Master explained : A clown enjoys seeing people laugh at him. And you? You feel disturbed because another person laughed at you.

Tell me : **"ARE YOU NOT WORSE THAN A CLOWN?"**

When the monk heard this, he began to laugh. He was enlightened there and then!!!

A person who seeks only **'The Light'** while shirking his or her responsibility, will never find illumination, and one who keeps his or her eyes fixed upon **'The Sun'** ends up **"BLIND"**.

Make use of every blessings that God gave you today.

A blessing can not be saved.

There is no bank where we can deposit blessings which we received - to use them when we see fit.

If you do not use them, they will be irretrievably lost. (કાયમી માટે ગુમાવશો)

Each day has its own miracle.

Accept the blessings.

Tomorrow you will receive new blessings.

WHAT MAKES A TREE STRONG IS ITS "ROOTS".

A disciple asked his Master, **"How can I calm my mind?**

The Master said, "I am too busy to talk to you right now. Why not consult your first Dharma-brother? (ગુરુ ભાઈ)

He did as he was told and asked the same question.

The first Dharma-brother replied, "I have a head-ache, I can not talk now. Why not ask to the second Dharma-brother?

He did as he was told. But the second Dharma-brother replied, "I have a stomach-ache, why don't you just go and talk to our Master?"

So he went back to his Master and complained, **"Nobody told me anything. Nobody gave me any answer."**

Master replied, "You are really a stupid fool. **Everybody has been giving you the answer."**

Hearing this the disciple reached **"Enlightenment."**

A famous Indian Guru settled in States claimed that one week workshop designed by him will increase intelligence. It costs only 500 $ (US dollars) and result is guaranteed. Attracted by this claim an American paid the fees and join the workshop. But after a week, he didn't feel that his intelligence has been increased. So, he went to the court and filed a suit against that Indian Guru. Court summoned the Guru and asked to prove claim.

Guru said, I can easily prove that his intelligence is increased.

"Before - one week, he did not know that by this workshop - intelligence will not increase, but - now he knows.

So, his intelligence is surely increased!!!"

One day a sparrow accidentally heard a Zen Master saying - **"Sitting silently, doing nothing, wind comes and grass grows by itself, there is nothing to-be done."**

Hearing this beautiful lecture, sparrow inspired to practise the **"NON-DOING-MEDITATION"**. There was a crow at the top of nearby tree. Crow saw the sparrow - sitting silently, closing eyes. So crow cautioned the sparrow that a cat is approaching and it may attack and injure you. But sparrow said - there is nothing to be done - everything just happens, etc....

Meanwhile cat came, attacked the sparrow and when the sparrow was dying crow said :

"Before you practise NON-DOING, first be on top - like your GURU or like ME."

Once upon a time there was a merchant who was selling camels and travelling from one place to another place. In the late evening when he reached some mosque, he decided to stay there for a night. So he fastened the camels but he found one rope - short. So he was perplexed that without fastening the camel may run away in the night.

A Fakir was seeing all these happenings. So he advised the merchant to take an imaginary rope and fasten the camel. As there was no options, merchant did as the Sufi Fakir said. In the morning merchant surprisingly saw the camel was there and did not run away....

After sometime merchant started to move another place, so he unfastened all camels. But the camel which was fastened only with imaginary rope, didn't move. So merchant was very perplexed. Sufi Fakir told, now unfasten the rope, if you want to move the camel. Merchand replied, we have not fastened the camel with real rope, it is only imaginary....

Sufi Fakir said : This you know, this I know, but camel doesn't know. So reverse the process. Merchand did as said by as per Sufi Fakir's instructions and camel was ready to move.

"As there is no real bondage - there can be no real liberation.

As there is no liberation - there can not be any bondage."

There was a potter who had a donkey and a dog. One evening potter came very tired and sleepy to home. So he neglected the dog who was approaching him. Potter suddenly slept.

In the night, a thief came to steal in the potter's house. Donkey saw the thief and told the dog to bark so that master may awake. But the dog was feeling insult, because his master had neglected him at evening - so dog refused to bark. Donkey told many times to dog, but dog did not obeyed. So at last donkey thought that I will shout and awaken the master (potter). Donkey started shouting - by this noise potter awakened from the sleep and was very furious. He came with a stick and bit the donkey very harsh.

Lesson of the story :

Just do what is your duty and do not perform other-one's duty, otherwise you will be punished.